ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી



**હવામાન**

| | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| નવસારી | ૩૩.૦° સે. | ૧૯.૦° સે. |
| આહવા | ૩૪.૦° સે. | ૧૭.૦° સે. |
| વલસાડ | ૩૩.૦° સે. | ૨૦.૦° સે. |
| વાપી | ૩૩.૦° સે. | ૨૦.૦° સે. |

## જનજાતિય ગૌરવ દિવસ

### ડાંગના આહવામાં વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું




સાપુતારા : આજરોજ આદિજાતિ વિકાસ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર, ડાંગના સંયુક્ત ઉપક્રમે મહાન આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત સરકારના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના માનનીય મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ, આહવા ખાતે 'જનજાતીય ગૌરવ દિવસ'ની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણીની કરવામાં આવી હતી.

### નામધા રોડ ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું મેયર દક્ષાબેન પટેલના હસ્તે અનાવરણ કરાયું



વાપી : ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે આજરોજ વાપી મહાનગરપાલિકા દ્વારા "જનજાતીય ગૌરવ દિવસ" ની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે વાપીના નામધા રોડ ખાતે સ્થાપિત કરવામાં આવેલી ધરતી આબા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની ઉજવણી અંતર્ગત આદિવાસી સમાજની સમૃદ્ધ પરંપરા અને સંસ્કૃતિને ઉજાગર કરતા તુર વાદ્યોના નાદ સાથે ઘોર નૃત્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના ભાઈઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ પ્રસંગે વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી (IAS) દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું.

### ખાનવેલમાં પ્રશાસક પ્રફુલ્લ પટેલે પુષ્પાંજલિ અર્પણ કરી



સેલવાસ. દાદરા અને નગર હવેલીના ખાનવેલ સ્થિત બીરસા મુંડા સરકારી પ્રાથમિક શાળામાં ભગવાન બીરસા મુંડાની ૧૫૧મી જયંતી અને 'જનજાતીય ગૌરવ દિવસ' અન્વયે સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રશાસક પ્રફુલ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ખાનવેલ જંક્શન ખાતે ભગવાન બીરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી.

### ધરમપુરના આસુરા બિરસા મુંડા સર્કલ પર સફાઇ અભિયાન

ધરમપુર : ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણીના ભાગરૂપે ધરમપુરના આસુરામાં આવેલા બિરસા મુંડા સર્કલ પર ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઇ પટેલની અધ્યક્ષતામાં સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય અરવિંદભાઇ અને અન્ય ઉપસ્થિત આગેવાનો દ્વારા સર્કલમાં આવેલી ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરીને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

### ડાંગમાં કેબિનેટ મંત્રી કનુભાઇ દેસાઇની પ્રેરક હાજરી




સાપુતારા : ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં 'આદિજાતિ ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે ડાંગ જિલ્લામાં સાધુ-સંતો અને આધ્યાત્મિક મહાનુભાવોના આશીર્વાદ મેળવવાનો એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ અને ધારાસભ્ય વિજયભાઈ પટેલ સહિત ભાજપના આગેવાનોએ સુપ્રસિદ્ધ અર્ધનારેશ્વરી નાગ જ્યોતિર્લિંગ મઠના મઠાધિપતિ પૂજ્ય અનેકરૂપી મહારાજની વિશેષ મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં પી.પી. સ્વામીજીની પણ ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. મહાનુભાવોએ પૂજ્ય અનેકરૂપી મહારાજના આશીર્વાદ મેળવીને નાગ જ્યોતિર્લિંગના દર્શન કર્યા હતા અને ત્યારબાદ ભગવાન બિરસા મુંડાની આરતી ઉતારી હતી.

### ઉનાઈમાં આદિવાસી સંસ્કૃતિક કાર્યક્રમમાં જનમેદની ઉમટી

વાંસદા: વાંસદા તાલુકાના ઉનાઈ ગામ ખાતે દર વર્ષની જેમ આદિવાસી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે આદિવાસી ખાણી-પીણીના સ્ટોલ, આદિવાસી દેવી-દેવતાની પ્રતિકૃતિના દર્શન, આદિવાસી સમાજના વાજિંત્રો અને આદિવાસી સમાજનું નાચણું પણ દર્શાવવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે ગામીત, કુકણાં, ધોડિયા, ચૌધરી, વસાવા સમાજ અને આદિમ જૂથ જેવી જાતિના નૃત્ય તેમજ વિશેષ ધ્યાન આકર્ષક એવું સીદી નૃત્ય પણ રજૂ કરવામાં આવ્યું હતું. વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંત પટેલે જણાવ્યું હતું કે, બિરસા મુંડાની જન્મ જયંતિ નાચ-ગાનથી ઉજવવાને બદલે હક્ક અધિકારો માટે ઉજવવી જોઈએ.

### વાંસદામાં મોઢવડિયાની ઉપસ્થિતમાં વિકાસ કાર્યોનું લોકાર્પણ




વાંસદા: આદિજાતિ વિકાસ વિભાગ, અને નવસારી જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે વાંસદાના ગાંધી મેદાન ખાતે ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે 'જનજાતીય ગૌરવ દિવસ'ની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં આદિવાસી સમાજની અસ્મિતા, સંસ્કૃતિ અને ગૌરવની ઝાંખી જોવા મળી હતી. આ પ્રસંગે મંત્રીએ વાંસદા વિધાનસભા મતવિસ્તારનાં કુલ રૂ. ૫૧.૬૩ કરોડનાં વિવિધ વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# ગણદેવીના વલોટી ગામે પ્લાસ્ટિક વેસ્ટના ગોડાઉનમાં ભીષણ આગ

**ત્રણ** કલાકની જહેમત બાદ ૨૦૦ લીટર કેમિકલ ફોમનો ઉપયોગ કરી આગ પર કાબૂ મેળવાયો




બીલીમોરા : ગણદેવી-બીલીમોરા માર્ગ ઉપર વલોટી ગામે ચિંતામણી માવજીભાઈ બારદાનવાલાના પ્લાસ્ટિક વેસ્ટના ગોડાઉનમાં શનિવારે રાત્રે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં અચાનક આગ લાગતા ભારે દોડધામ મચી ગઈ હતી. ગોડાઉનમાં પ્લાસ્ટિક વેસ્ટનો મોટો જથ્થો હોવાથી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઘટનાની જાણ થતાં બીલીમોરા અને ગણદેવી નગરપાલિકાના ફાયર ફાયટરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવવા પાણીનો સતત મારો ચલાવ્યો હતો. જોકે, પ્લાસ્ટિકના જથ્થાને કારણે આગ કાબૂમાં ન આવતાં અંતે ૨૦૦ લીટર કેમિકલ ફોમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ફાયર વિભાગના કર્મચારીઓની ત્રણેક કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી, આગની આ ઘટનામાં ગોડાઉનમાં સંગ્રહિત લાખો રૂપિયાની કિંમતનો પ્લાસ્ટિક વેસ્ટ અને ભંગાર બળીને ખાક થઈ ગયો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી.

### ટાટા સ્કૂલ માર્ગ પર ગટરનું પાણી ફરી વળતાં અવરજવરમાં મુશ્કેલી

નવસારી: નવસારી શહેરના ટાટા સ્કૂલ માર્ગ પર ભૂગર્ભ ગટર લાઈનમાં ખામી સર્જાતાં ગટરનું પાણી રસ્તા પર ફેલાયું હતું. જેના કારણે માર્ગ પરથી પસાર થતા નાગરિકોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તા પર ગંદા પાણીના ફેલાવાને પગલે આસપાસના વિસ્તારમાં દુર્ગંધ પણ ફેલાઈ હતી. ટાટા સ્કૂલ આવેલી હોવાથી આ માર્ગ પર વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ વાહનચાલકોની નિયમિત અવરજવર રહે છે. આવી સ્થિતિમાં રસ્તા પર ગટરનું પાણી ભરાતાં રાહદારીઓને પસાર થવામાં મુશ્કેલી પડી રહી છે. સ્થાનિક રહીશો અને વેપારીઓને પણ આ પરિસ્થિતિને કારણે અસુવિધા થઈ રહી છે.

# ઉમરગામમાં અકસ્માતમાં 12 વર્ષના બાળકનું મોત, ત્રણ જણાને ઈજા

**છઠ** પૂજાના તળાવ પાસે બનેલી ઘટના

ઉમરગામ : ઉમરગામ અકરા મારુતિ કોસ્ટેલ હાઈવે ઉપર અકસ્માતમાં એક 12 વર્ષના બાળકનું કરુણ મોત નીપજવાનો તથા અન્ય ત્રણ જણાને ઈજા પહોંચી હોવાનો બનાવ બનવા પામ્યો હતો.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ઉમરગામ ગાંધીવાડી ચિત્રકૂટમાં રહેતા મૂળ યુપીના ભીમશંકર બલીરામ ખારવારનો ભત્રીજો શિવમ જયરામ ખારવાર શનિવારે ઘરે આવ્યો હતો અને તેની સ્પ્લેન્ડર પ્લસ નવી મોટરસાયકલ પર બેસીને પુત્ર સત્યમ ઉંમર વર્ષ 12 ઉમરગામ અકરા મારુતિ છઠ પુજા સ્થળે ગયા હતા તે વખતે શનિવારે 9:30 કલાકે ઉમરગામ કોસ્ટેલ હાઈવે અકરા મારુતિ છઠ પૂજાના તળાવ સામે રોડ ઉપર શિવમની મોટરસાયકલને પાછળથી તહોમતદાર એક સ્પીડ-400 મોટરસાયકલ નંબર એમએચ-05 એફએન-5062 ના ચાલકે ટક્કર મારતા સર્જાયેલા અકસ્માતમાં શિવમ તથા સત્યમને તથા એકસીડન્ટ કરનાર મોટર સાઈકલ સવાર ચાલક તથા પાછળ બેસેલાને પણ ઈજાઓ પહોંચી હતી.

ઈજાગ્રસ્ત શિવમ તથા સત્યમ ને ઉમરગામ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. સત્યમ ને માથાના ભાગે ગંભીર ઈજા થયેલી હોય વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવતા ત્યાં હાજર તબીબી સત્યમને તપાસતા મરણ ગયેલ જાહેર કર્યો હતો.

### તિથલ બીચ પાર્કિંગમાં પાર્ક કરેલી રિક્ષામાં આગ

વલસાડ : વલસાડ શહેરના જાણીતા પર્યટન સ્થળ તિથલ બીચના પાર્કિંગ વિસ્તારમાં આજરોજ વહેલી સવારે પાર્ક કરેલી એક ઓટોરિક્ષામાં અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ભારે દોડધામ અને અફરાતફરી મચી જવા પામી હતી. વહેલી સવારે તિથલ બીચના પાર્કિંગમાં ઊભેલી રિક્ષામાંથી અચાનક ધુમાડા અને આગની જ્વાળાઓ નીકળવા લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે આસપાસના લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતા જ વલસાડ નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયરના જવાનોએ સતત પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે ફાયરની ટીમ આગ બુઝાવે તે પહેલાં જ આખી રિક્ષા બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગઈ હતી.

### વલસાડમાં ચાલુ ટ્રેનમાંથી મહિલાની બેગ ચોરી તસ્કર ફરાર

**બે લેપટોપ** અને દાગીના સહિત ૧.૩૯ લાખની મત્તાની ચોરી

વલસાડ : પુનાથી વડોદરા મુસાફરી કરી રહેલી એક મહિલા આઈ.ટી. પ્રોફેશનલની ઊંઘનો લાભ ઉઠાવી અજાણ્યો તસ્કર બે લેપટોપ અને સોના-ચાંદીના દાગીના સહિત કુલ ૧,૩૯,૮૩૯ની મત્તા ભરેલી બેગની ચોરી કરી ચાલુ ટ્રેને ઉતરીને ફરાર થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે.

મળતી વિગતો અનુસાર, મૂળ વડોદરાના વાઘોડિયા રોડ અને ન્યુ વી.આઈ.પી. રોડ વિસ્તારમાં રહેતા તેમજ પુનાની ઈન્ફોસીસ કંપનીમાં નોકરી કરતા ૩૫ વર્ષીય કિર્તીબેન મનોજકુમાર રાયસિંઘાની ગત તા. ૦૬ નવેમ્બર ૨૦૨૬ના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યે ખડકી (પુના) રેલ્વે સ્ટેશનથી વડોદરા આવવા માટે ટ્રેન નંબર ૦૧૪૮૩ હઝરત નિઝામુદ્દીન સ્પેશિયલ એક્સપ્રેસના કોચ નંબર બી/૦૧ ની સીટ નંબર ૦૮ પર મુસાફરી કરી રહ્યા હતા. મુસાફરી દરમિયાન વહેલી પરોઢે ૩:૪૫ વાગ્યાના અરસામાં ટ્રેન વલસાડ રેલ્વે સ્ટેશનથી ઉપડ્યા બાદ કિર્તીબેનને ઊંઘ આવી ગઈ હતી.

તેમની ઊંઘનો લાભ લઈ કોઈ અજાણ્યો શખ્સ સીટ પર રાખેલી કાળા રંગની લેપટોપ બેગ ઉઠાવીને જવા લાગ્યો હતો. અચાનક જાગી ગયેલા કિર્તીબેને બૂમાબૂમ કરે તે પહેલાં જ આરોપી ચાલુ ટ્રેનમાંથી નીચે કૂદીને નાસી છૂટ્યો હતો. ચોરાયેલી બેગમાં ૫૫,૯૯૯ની કિંમતનું એચ.પી. કંપનીનું લેપટોપ, કંપનીનું અંદાજે ૫૦,૦૦૦ની કિંમતનું લિનોવો લેપટોપ, ૩૦,૦૦૦ની કિંમતની ૬.૮૪ ગ્રામ સોનાની લક્કી, ૨,૧૦૦ની ચાંદીની વીંટી, મોબાઈલ ચાર્જર અને હેડફોન્સ હતા. આ ઉપરાંત બેગમાં રહેલા નાના પર્સમાં કંપનીનું આઈ.ડી. કાર્ડ, સરકારી ઓળખપત્રો અને વિવિધ બેંકોના ડેબિટ તથા ક્રેડિટ કાર્ડ પણ હતા.

# વલસાડમાં એક સાથે ચાર સ્થળે તાળા તોડી આતંક મચાવતા તસ્કરો

**અભ્રામાના** બંધ બંગલામાંથી ૨૦.૯૫ લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી

વલસાડ : વલસાડના અભ્રામામાં અતુલ રોડ સ્થિત રાજનનગરના એક બંધ બંગલાને તસ્કરોએ નિશાન બનાવી ૨૦,૯૫,૩૩૪ની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. પરિવારના સભ્યો ભાઈબીજ અને સાસરીમાં મળવા માટે બહારગામ ગયા હતા, તે દરમિયાન અજાણ્યા ચોર ઈસમોએ મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો.

મળતી વિગતો અનુસાર, અભ્રામાના રાજનનગર સ્થિત નંદકુટીર બંગલામાં રહેતા અને પ્રિન્ટિંગ પ્રેસનો વ્યવસાય કરતા ૬૧ વર્ષીય રાજેશભાઈ રતિલાલ ચૌહાણે વલસાડ ટાઉન પોલીસ મથકે આ અંગે ફરિયાદ નોંધાવી છે. ગત તા. ૧૩ નવેમ્બર ૨૦૨૬ના રોજ સવારે તેમનો પુત્ર જીગર અને પુત્રવધૂ જીનલબેન ભાઈબીજ કરવા માટે મુંબઈ ગયા હતા. ત્યારબાદ બપોરે સાડા ત્રણ વાગ્યાના સુમારે રાજેશભાઈ, તેમના પત્ની કૌશીકાબેન અને પિતા રતિલાલભાઈ બંગલાને તાળું મારી નવસારીના છાપરા રોડ ખાતે સાસરીમાં મળવા ગયા હતા અને રાત્રે ત્યાં જ રોકાયા હતા.

તા. ૧૪ નવેમ્બરના રોજ સવારે નવ વાગ્યાના અરસામાં સામેની બિલ્ડિંગમાં રહેતા હિતેન્દ્રભાઈએ બંગલાના મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલી હાલતમાં અને ઘરનો સામાન વેરવિખેર જોતા જીગરને ફોન કરી જાણ કરી હતી. ઘટનાની જાણ થતા જ રાજેશભાઈ પરિવાર સાથે તાત્કાલિક અભ્રામા પરત ફર્યા હતા. ઘરમાં તપાસ કરતા બંને બેડરૂમમાં રાખેલા લાકડાના અને પતરાના કબાટના લોકર તૂટેલા જણાયા હતા. તસ્કરો કબાટમાંથી પરિવારના જૂના દાગીના તેમજ પુત્ર જીગર અને પુત્રવધૂ જીનલબેનને લગ્નમાં ભેટ મળેલા સોના-ચાંદીના ઘરેણાં મળી કુલ ૨૦,૯૫,૩૩૪ની મત્તા ચોરીને ફરાર થઈ ગયા હતા.

ચોરીની આ ઘટના ઉપરાંત તસ્કરોએ આસપાસના વિસ્તારમાં પણ તરખાટ મચાવ્યો હતો. નજીકમાં આવેલી રાજનગર નંદનવન સોસાયટીના મકાન નંબર બી/૦૫માં રહેતા કૈલાશબેન ગણેશભાઈ ઠાકોરના ઘર, તેની બાજુમાં આવેલી આંગણવાડી તેમજ રાજનનગરના જય શિવ એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર ૨૦૮માં રહેતા રશીકભાઈ રતનભાઈ ગાવીતના ઘરના દરવાજાના નકુચા તોડી ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# ઘેરૈયા સ્પર્ધામાં સાલેજે બાજી મારી

**પ્રથમક્રમે** સાલેજ જય જલારામ ઘેરિયા મંડળ વિજેતા, રનર્સ અપ માં ઘડોઈ જય ભવાની મંડળ, અને તૃતિય ક્રમે સિણધઈ બિરસા મુંડા આદિવાસી ઘેરિયા મંડળ




બીલીમોરા : બીલીમોરા સોમનાથ મંદિર પરિસરમાં લાભપાંચમને શનિવારે ૩૧'મી આદિવાસી લોકનૃત્ય ઘેરૈયા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં દક્ષિણ ગુજરાતની ૬ ટીમોએ ભાગ લીધો હતો. ઘેરૈયા નૃત્ય કલાને માણી લોકોએ લાભ પાંચમ નાં શુકન કર્યા હતા.

દક્ષિણ ગુજરાત ના આદિવાસી સમાજ ની પ્રાચીન ઘેરૈયા નૃત્ય પરંપરા આજે લુપ્ત નહીં પણ મર્યાદિત થઈ છે. ત્યારે બીલીમોરાના સુપ્રસિધ્ધ સોમનાથ મંદિરના પટાંગણમાં વીતેલા ત્રણ દાયકા થી ઘેરૈયા લોકનૃત્ય ને જીવંત રાખવાનો સ્તુત્ય પ્રયાસ કરવા માં આવી રહ્યો છે. ઘેરૈયા મંડળો ના પુરુષ સ્પર્ધકો બ્લાઉસ ઉપર સાડી ધોતિયામાં અર્ધનારેશ્વરરૂપ સાથે ઝાંઝર, મોરપીંછ, ઘુઘરમાળ, ગળા માં ગલગોટા ના હાર, ચેહરા સજાવી, મનમોહક અદા અને હાથ માં દાંડિયા લઈ લયબદ્ધ ગીત સંગીત ના સથવારે હમરેક મોરચા ની રમઝટ જમાવી હતી. સ્ટેજ ઉપર મંડળો નો છટાદાર પ્રવેશ, ગરબો, પારણું, લહેરીયું, ઘોડી એ ચઢાવવું, તાર મારવો, અને વધામણી જીવન ના જન્મ મરણ નાં પ્રસંગો સુખ દુઃખ સમજાવી ગયા હતા. તે સાથે નૃત્યમાં દાંડિયા ની ઠકઠકાઠટ... ઠકઠકાઠટ અને જન્મ થી મૃત્યુ સુધીના અનેક પ્રસંગો ને ઘડીભર માં વણી લેવાયાં હતા.

આ વર્ષે પ્રથમક્રમે સાલેજ જય જલારામ ઘેરિયા મંડળ વિજેતા, રનર્સ અપ માં ઘડોઈ જય ભવાની મંડળ, અને તૃતિય ક્રમે સિણધઈ બિરસા મુંડા આદિવાસી ઘેરિયા મંડળ જ્યારે કવિઆ સ્પર્ધામાં પ્રથમ સાલેજ નાં રાજુ ભાઈ વિજેતા બન્યા હતા. જ્યારે બીજા સ્થાને ઘડોઈ સંતોષભાઈ અને ત્રીજા સ્થાને તરકાણી નાં મુકેશભાઈ રહ્યા હતા.

### નાનાપોંઢામાં કોંગ્રેસના આગેવાનોને નજર કેદ કરાયા



વલસાડ : નાનાપોંઢા ખાતે રવિવારે નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવીના કાર્યક્રમ અગાઉ તાલુકા કોંગ્રેસ દ્વારા અપાયેલા આવેદનપત્ર મુદ્દે પોલીસ દ્વારા તાલુકા કોંગ્રેસ પ્રમુખ હરેશ પટેલના ઘરે બાલચોંડી ખાતે અને યુથ કોંગ્રેસ મહામંત્રી અને તાલુકા પંચાયત નાનાપોંઢા સભ્ય કુંજાલી પટેલના ઘરે સુખાલા ખાતે પોલીસ ગોઠવી દેવામાં આવી હતી.










